# Day to Day Current Affairs

**2 Nov 2015**

## ૧. WTA ફાઈન્સ – ટેનિસ :

- મહિલાઓના પ્રોફેશનલ ટેનિસ સિઝનની આખરી ટૂર્નામેન્ટમાં ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિત્ઝલેન્ડની માર્ટિના હિંગીસની જોડીએ જીતની સાથે ઈતિહાસ રચી દીધો હતો.

- આ જોડીએ ફાઈનલમાં સ્પેનની ગુરબાઈન મુગુરૂઝા તથા કાર્લા સુઆરેઝ નવારોની જોડીને પરાજય આપ્યો હતો.

- આ સાથે આ જોડી સિઝનની નવમાં ટાઈટલમાં વિજેતા બની. તેમજ તેમણે સળંગ 22 મેચ જીતવાની સિદ્ધી પણ મેળવી હતી.

- ટૂર્નામેન્ટનું આયોજન સિંગપોરમાં થયુ હતું.

- સનિયાએ ચાલુ વર્ષે કુલ 10 ટાઈટલ જીત્યા છે. તેણે જાન્યુઆરીમાં સિડની ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટ અમેરીકાની બેથાની મેટેક – સેન્ડસની સાથે મળીને જીતી હતી.

- માર્ટિના હિંગીસની કારકીર્દિનું આ 50 મુ ટાઈટલ હતું આ સિદ્ધિ મેળવનાર તે 16મી ખેલાડી બની ગઈ છે.

## ૨. 69 મી સિનિયર એકવેટિક ચેમ્પિયનશીપ :

- તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી 69મી નેશનલ એકવેટીક ચેમ્પિયશીપમાં ગુજરાત 4 ગોલ્ડ, 5 સિલ્વર તથા 5 બ્રોન્ઝમેડલ સાથે કુલ 14 મેડલ જીતીને ચોથા ક્રમે રહ્યુ હતું.

- આ ચેમ્પિયનશિપમાં કર્ણાટક 9 ગોલ્ડ, 8 સિલ્વર અને 11 બ્રોન્ઝમેડલ સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું

- ગુજરતની માના પટેલ 4 ગોલ્ડ સાથે ત્રણ નેશનલ રેકોર્ડસ નોંધાવ્યા હતાં.

- સ્પર્ધામાં કુલ 8 નેશનલ રેકોર્ડસ નોંધાયા હતાં, જેમાં ત્રણ મેન્સ વિભાગમાં અને પાંચ વિમેન્સ વિભાગમાં નોંધાયા હતાં.

- ચેમ્પિયનશીપ પૂર્ણ થતાં મેન્સ અને વિમેન્સ બંને વર્ગમાં બેસ્ટ સ્વિમર જાહેર કરાયા હતાં જે નીચે મુજબ છે.
વિમેન્સ : માના પટેલ (ગુજરાત)
મેન્સ : વિરધવલ ખાડે (મહારાષ્ટ્ર)

- ગુજરાતના તરવૈયા : માના પટેલ, અંશુલ કોઠારી, દીલપ્રિત કૌર, નીલ કોન્ટ્રાકટર.

Vivekanand Academy, Gandhinagar